જીવતા તહેવારોમાં દિવાળીને કેમ પ્રાધાન્ય?


દીવાનખાનામાં એકાદ સુંદર વસ્તુ રાખવાનો રિવાજ દરેક ઘરમાં હોય છે. બહારના કોઈ પણ માણસ આવે એટલે સહેજે તેના પર તેની નજર જાય છે અને તે બોલી ઊઠે છે : કેવી મજાની વસ્તુ! તમે ક્યાંથી મેળવી? પણ અજાયબઘર (મ્યુઝિયમ)માં તો જ્યાં જુઓ ત્યાં સુંદર જ સુંદર વસ્તુઓ હોય; જોઈને માણસ ખુશાખુશ થઈ જાય; પણ સાથે સાથે તે તેટલો જ મૂંઝાય પણ ખરો! એને થાય કે આમાંથી શું જોવું અને શું ન જોવું? આપણી દિવાળી એ તહેવારોનું એવું જ એક અજાયબઘર છે. અથવા એને બધા તહેવારોનું સ્નેહસંમેલન કહીએ તોપણ ચાલે. દિવાળીનો તહેવાર પાંચ દિવસનો ગણાય છે. પણ સાચું જોતાં છેક નવરાત્રિના ગરબાથી તેની શરૂઆત થઈ જાય છે અને ભાઈબીજની ભેટમાં એનો આનંદ પરિસીમાએ પહોંચે છે.'

દિવાળી વિશે લખાયેલા આ શબ્દો કાકાસાહેબ કાલેલકરના છે. ગુજરાતના અગ્રણી વિવેચક અને ચિંતક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કાકાસાહેબ માટે સરસ શબ્દો પ્રયોજ્યા હતા : 'સંસ્કૃતિના પરિવ્રાજક આચાર્ય'.

કાકાસાહેબે ગુજરાતી ભાષામાં વિપુલ લખ્યું છે અને તેમાં તેમનું એક પુસ્તક છે 'જીવતા તહેવારો'. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ નેવું વર્ષ અગાઉ ૧૯૩૪માં થઈ હતી. પુસ્તકમાં કાકાસાહેબે જીવતા તહેવારો માટે જે પૂર્વભૂમિકા બાંધી છે તે તો ખાસ વાંચવા જેવી છે. તેમાં તેઓ લખે છે કે, 'વરુની પેઠે ખાવું, બિલાડીની પેઠે બગાસાં ખાવાં અને અજગરની પેઠે પડ્યા રહેવું એ તહેવારોનું મુખ્ય લક્ષણ કોક ઠેકાણે થઈ પડ્યું છે. એક તહેવાર એટલે ત્રણ દિવસનો બગાડ એટલું તો ખરું જ. આવી હાલતમાંથી તહેવારોને બચાવવા એ આપણું મુખ્ય કામ છે. તહેવારો કાઢી જ નાખીએ તો કેમ? એ દૃષ્ટિનો પણ અમે વિચાર કર્યો. રોજની આવશ્યક અને સ્ફૂર્તિદાયક પ્રવૃત્તિ શિથિલ કરવી, પોતાની સ્થિતિને હંમેશાં ન પોસાય એવાં કપડાં પહેરવાં, જાતજાતનાં મિષ્ટાનો ઉડાવી ઇન્દ્રિયોને લોલુપતાની લત લગાડવી અને પાનાં, શતરંજ, સોગઠાં વગેરે નિરર્થક બેઠાડુ રમતોમાં વખત બગાડવામાં એકબીજાને ઉત્તેજન આપવું. એટલો જ જો તહેવારોનો અર્થ થતો હોય તો તહેવારો કાઢી નાખવા એ જ યોગ્ય છે. પણ અમારી કલ્પના પ્રમાણે તહેવારો અને ઉત્સવોનું જીવનમાં વિશિષ્ટ મહત્ત્વનું સ્થાન છે. તહેવારો દ્વારા જ આપણે સંસ્કૃતિનાં કેટલાંક અંગો સારી રીતે જાળવી અને ખીલવી શકીએ છીએ, વિશિષ્ટ પ્રસંગો અને તેમનું મહત્ત્વ સ્મરણમાં રાખી શકીએ છીએ, ઋતુના ફેરફાર પ્રમાણે જીવનમાં અમુક ફેરફારો યથાકાળે સંકલ્પપૂર્વક શરૂ કરી શકીએ છીએ અને સામાજિક જીવનમાં પરસ્પર સહકાર સાથે એકતા આણી શકીએ છીએ.'



ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે



બળેવને દિવસે ધર્મ અને શાસ્ત્ર પ્રધાન હોય છે; દશેરાના દિવસે યુદ્ધ અને શસ્ત્ર પ્રધાન રહે છે; દિવાળીને દિવસે લક્ષ્મી અને ધન પ્રધાનપદ ભોગવે છે; અને હોળી તો રમત અને રંગારંગનો તહેવાર છે

તહેવારોની મહત્તા સમજાવતાં કાકાસાહેબ જે લખે છે તેવું અત્યારે આપણે વર્તમાનમાં પણ જોઈ શકીએ છીએ. આગળ તેઓ કહે છે કે, 'કેટલીક વૃત્તિઓ મનુષ્યહૃદયને એટલી સ્વાભાવિક છે કે તેમનું નિયમન ન થાય તો તે અમર્યાદ વધી આખું જીવન બગાડી નાખે છે. તેમનો સીધો વિરોધ અથવા બાહ્ય નિરોધ શક્ય કે સલામત નથી હોતો. આમાંની કેટલીક વૃત્તિઓ મર્યાદિત સ્વરૂપમાં ક્ષમ્ય હોય છે એટલું જ નહીં, પણ હિતકર પણ હોય છે. એમનો નાશ કરવાને બદલે જો એમને વિશુદ્ધ બનાવી ઉત્તેજનના રસ્તે વાળવામાં આવે, તો સંપૂર્ણ કેળવણીમાં તેમની મદદ ભારે થાય છે. આ કાર્ય કોક કોક વાર સામાજિક રીતે જ સરસ સધાય છે. તહેવારોની મદદ આમાં ઘણી થઈ શકે એમ છે.' તહેવારોની મદદ શું હોઈ શકે તે તરફ કાકાસાહેબ પોતાની દૃષ્ટિથી એક વાત મૂકે છે. પરંતુ તેમણે દિવાળી વિશે જે લખ્યું છે તે તો શાશ્વત છે. તે અંગે તેમનું લખાણ : 'શાસ્ત્રોમાં દરેક તહેવારનું માહાત્મ્ય અને કથા આપેલાં હોય છે. દિવાળી વિશે એટલી બધી કથાઓ છે કે 'દિવાળીમાહાત્મ્ય' લખવા જઈએ તો એક મોટું પુરાણ થઈ જાય. ધનતેરસની કથા જુદી, કાળીચૌદશની જુદી, અમાસ (દિવાળી)ની તો વળી ખાસ કથા છે. ત્યાર પછી નવું વર્ષ બેસે છે અને બીજે દિવસે ભાઈ બહેનના ઘરનો અતિથિ બને છે. દિવાળી એ ગૃહસ્થાશ્રમી તહેવાર છે, જનતાનો તહેવાર છે. બળેવને દિવસે ધર્મ અને શાસ્ત્ર પ્રધાન હોય છે; દશેરાના દિવસે યુદ્ધ અને શસ્ત્ર પ્રધાન રહે છે; દિવાળીને દિવસે લક્ષ્મી અને ધન પ્રધાનપદ ભોગવે છે; અને હોળી તો રમત અને રંગારંગનો તહેવાર છે.'

દિવાળીનું મહાત્મ્ય કાકાસાહેબે અલગ-અલગ રીતે સમજાવ્યું છે. દિવાળીના લેખમાં આખરમાં તેઓ લખે છે કે, 'દિવાળી પછી નવું વર્ષ બેસે છે અને નવું અનાજ ઘરમાં આવે છે. વેદકાળથી આજ સુધી હિંદુ ઘરોમાં આ નવાન્નનો વિધિ શ્રદ્ધાપૂર્વક પાળવામાં આવે છે. મહારાષ્ટ્રમાં આ દિવસે જમતાં પહેલાં એક કડવા ફળનો રસ ચાખવાની પ્રથા છે. એનો ઉદ્દેશ એમ હશે કે કડવી મહેનત કર્યા વગર મિષ્ટાન્ન મળે નહીં. ભગવદ્ ગીતામાં પણ લખેલું છે કે જે શરૂઆતમાં ઝેર જેવું અને અંતે અમૃત જેવું હોય એ જ સાત્ત્વિક સુખ. ગોવામાં દિવાળીને દિવસે પૌંઆનું મિષ્ટાન્ન કરે છે અને જેટલા ઇષ્ટમિત્ર હોય તે બધાને તે દહાડે નોતરે છે. એટલે દરેક જણે દરેક ઇષ્ટમિત્રને ઘેર જવું જ જોઈએ. દરેકને ત્યાં ફળાહાર રાખેલો હોય છે. તેમાંથી એક કકડો ચાખી માણસ બીજે ઘેર જાય. વ્યવહારમાં કડવાશ આવી હોય, વેરવિખવાદ થયાં હોય, ગમે તે બની ગયું હોય, પણ દિવાળીને દિવસે બધું મનમાંથી કાઢી નાખી ફરી હેતપ્રીતના સંબંધ જોડવાના.'

સંબંધ જોડવાની વાત સૌથી અગત્યની છે અને તે વિશે તેઓ વેપારના હિસાબનું ઉદાહરણ ટાંકતાં લખે છે : 'જેમ વેપારી દિવાળી પર કુલ લેણદેણ પતાવી નવા ચોપડામાં બાકી નથી ખેંચતા, તેમ દરેક જણ બેસતા વર્ષે હૃદયમાં કશાં વેરઝેર બાકી નથી રાખતો.'

સ્વાભાવિક છે કે જીવનમાં સદ્ગુણો જેટલા રોપીએ તેટલું જ પામીએ, પરંતુ માનવી તરીકેની કેટલીક ફરજ શું હોઈ શકે તે તરફ પણ કાકાસાહેબ આપણી દૃષ્ટિ ફેરવવી જોઈએ તેવું જણાવે છે. પુસ્તકના એક અન્ય પ્રકરણ 'યુદ્ધગીતાની જયંતી'માં તેમણે જે લખ્યું છે તે નવા વર્ષે ધ્યાન રાખવા જેવું છે. તેઓ લખે છે : 'તમામ દુનિયાની સત્તા અને સગવડો પોતાને જ હસ્તક રહે એવા આગ્રહથી પ્રવૃત્તિ કરનારા રાક્ષસો કેટલાય હોય છે. તેઓ મોજમજામાં જ માને છે. એને અર્થે અન્યાયનો કશો વિચાર કર્યા વગર દુનિયાનું ધન ઢસડી લાવે છે. તેઓ મનમાં મહેલ રચે છે કે, 'જુઓ, આટલું આજે મળ્યું, આ મારો મનોરથ હમણાં તૃપ્ત થશે, આટલું ધન તો મારી પાસે છે જ, આટલું મળી રહેશે, આટલા શત્રુઓને મેં માર્યા, બીજાને પણ મારીશ. હું દુનિયાનો સ્વામી છું. ભોગ ભોગવતાં મને જ આવડે છે. સુખસામર્થ્ય મારાં જ છે. મારી જાતિ સૌથી શ્રેષ્ઠ. મારા જેવો બીજો કોઈ નથી. દુનિયાનું ભલું હું જ કરીશ. હું દુનિયાનો આગેવાન છું.' આવા મનોરથો સેવનાર, દંભથી દુનિયાને છેતરનાર, દીનોના દેહમાં વસતા ઈશ્વરનું અપમાન કરનાર કેટલાય ફાટ્યા છે. શેતાન આ દુનિયા પચાવવા બેઠો છે. એને ઠેકાણે ઈશ્વરનું રાજ્ય સ્થાપન કરીએ એટલે આપણે આપણું કામ પૂરું.'

દિવાળી પરંપરાગત રીતે કેમ મનાવવામાં આવે છે તે અંગે અનેક બાબતો કાકાસાહેબે ટાંકી છે. તેમાંથી કેટલુંક અહીં મૂકી શકાયું છે. તેઓ એક ઠેકાણે તો એમ પણ લખે છે કે, 'જૂના વખતમાં બળેવને દિવસે આપણા લોકો વહાણવટે નીકળતા અને દરિયાપારના દેશોની સફરે જતા. દશેરાને દિવસે રાજાઓ અને યોદ્ધાઓ પોતાની સરહદોના સીમાડા ઓળંગી શત્રુ ઉપર ચડાઈ કરવા નીકળતા. અને દિવાળીને દિવસે રાજાઓ અને વેપારીઓ બંને સ્વદેશ આવી કૌટુંબિક સુખનો લહાવો લેતા.'

કાકાસાહેબે નવ દાયકા પહેલાં જે લખ્યું હતું તેનાથી આજની દિવાળી ઘણી બદલાઈ ચૂકી છે. દિવાળી તહેવાર તો છે જ, પણ તેનું એક મસમોટું માર્કેટ પણ ઊભું થયું છે. હવે તે તહેવારની સાથે માર્કેટમાં એક અવસરની જેમ પણ જોવાય છે. દિવાળી વિશે આવી ઘણી વાત થઈ શકે.



હવે ફટાકડાઓનું નામ 'C.B.I.'ને 'E.D.' રાખવું જોઈએ

ટાઈટલ્સ: આજની દિવાળી, ત્યારની દિવાળીઃ થોડી ખરબચડી, થોડી સુંવાળી! (છેલવાણી)

દિવાળી પર કંજૂસ પતિએ પત્નીને પૂછ્યું, "દિવાળી પર નવાં કપડાં લઈશ?"

ભડકેલી પત્નીએ કહ્યું, "ના રે, જૂનાં કપડાંને ઊંધાં કરીને પહેરીશ!"

એક જમાનામાં અમે બહુ નાના હતા, પણ નિર્દોષતામાં બહુ મોટા હતા. દિવાળીની કાગડોળે રાહ જોતા... અને હવે? આજે દિવાળીમાં બધું છે, લોકો પાસે પહેલાં કરતાં વધુ પૈસા છે, ઓનલાઇન સેલ છે, મોલમાં ભારે ભીડ છે, પણ તોય પહેલાં જેવી દિવાળીનું દિલ ગાયબ છે. ત્યારે ઘરેઘરે દિવાળીમાં ઘૂઘરા, મઠિયાં, મોહનથાળ, મગજ... વગેરે જાતજાતની વાનગીઓ બનતી. ત્યારે થતું કે ઘૂઘરામાંથી કોઈ અવાજ તો આવતો નથી, તો પછી એને ઘૂઘરા કેમ કહેવાય છે? મગજ કોના મગજમાંથી બનતો હશે? મોહનથાળ, મોહનદાસ ગાંધીએ કે મુરલીમોહનને નામે કહેવાતો હશે? હવે તો ઘરોમાં અગાઉ જેમ દિવાળીની મીઠાઈઓ બનતી નથી, પણ બહારથી તૈયાર પેકેટ આવે છે. બાળકોને ચિપ્સ કે ચોકલેટ સિવાય ચોળાફળી કે ચેવડામાં રસ નથી. તૈયાર કોર્પોરેટ ગિફ્ટોએ આપણી સંવેદનાઓ પર સાત ફેણવાળા નાગની જેમ ભરડો લઈ લીધો છે.

હવે? આજે દિવાળીમાં બધું છે, લોકો પાસે પહેલાં કરતાં વધુ પૈસા છે, ઓનલાઇન સેલ છે, મોલમાં ભારે ભીડ છે, પણ તોય પહેલાં જેવી દિવાળીનું દિલ ગાયબ છે

નાનપણમાં અમે માનતાં કે વાઘબારસ એટલે નવરાત્રિમાં દેવીમા વાઘ પર આવેલાં એટલે એમનાં વાહનને ખુશ કરવા વાઘબારસ આવતી હશે. પછી સમજાયું કે વાઘબારસનું સાચું નામ વાક્બારસ છે. 'વાક્' એટલે વાણી એટલે કે વાણીની દેવી સરસ્વતીની પૂજા કરવાની હોય. પછી મોટા થઈને મોટા ઉપાડે લેખક બન્યા એટલે ત્યારે જાત સામે આજે સવાલ થાય કે આખા વરસભર અન્યાય, અસત્ય અને સત્તા કે સમાજ સામે શું લખ્યું? કે પછી હવે ક્લમપૂજા કરવાની હેસિયત બચી છે?

પછી આવે ધનતેરસ. જેનેટિકલી આપણને ગુજરાતીઓને ધનપૂજામાં વિશેષ રસ પડે. સાંજે ધનપૂજન થાય, નવાં કપડાં પહેરવામાં આવે અને ફટાકડા ફોડવાનું ઉદ્ઘાટન થાય. અગાઉ એમાં તારામંડળ, કોઠી, ચકરડી, હવાઈ, સૂતળી બોમ્બ, ટીકડી, રોકેટ, નાગ, એવા જાતજાતના ફટાકડા રહેતા. ફટાકડાની આખી લાંબી લૂમ ફોડવામાં જગ જીત્યાનો ક્ષણિક પણ કોલરટાઇટ આનંદ મળતો. આજે તો ૨-૫ દિવસ ફટાકડા ફોડીને જાણે ધરતી પર પ્રદૂષણ વધારવાનો ગુનો કર્યો હોય એટલી હદે આપણામાં અપરાધભાવનો આરોપ રોપવામાં આવે છે.

ત્યારે કાળીચૌદશને દિવસે ભૂત-પ્રેતની વાતો સાંભળતાં સાંભળતાં સૂઈ જતા. કોઈ અડધી રાતે સ્મશાનમાં કાળભૈરવની સાધના કરે એ કલ્પના જ રોમાંચક ને ભયપ્રેરક હતી. (જો કે પછી અમે ફિલ્મ-ટીવી લાઇનમાં આવ્યા બાદ ખરેખર જોયું કે ટીવીની સૌથી સફળ નિર્માત્રી સ્મશાને પૂજા કરવા જાય છે, જેથી એની સિરિયલો ચાલે, પણ ત્યારે પછી નવાઈ લાગવાની પણ ખતમ થઈ ગઈ!) બાળપણમાં અડદનાં વડાં લઈને ચાર રસ્તે મૂકી કકળાટ કાઢવા જતા. કેવી કલ્પનાઓ હતી કે આખા વર્ષના વિસંવાદ, દુઃખ અને જૂનું ભૂલી જવાનું ને કકળાટ કાઢવાનો. હવે તો ટીવીની ન્યૂઝ ચેનલો કે ફેસબુક, ટ્વિટર જેવાં માધ્યમોની ચર્ચામાં બારેમાસ કકળાટ ચાલુ જ રહે છે ને? આજના મશીની જીવનમાં સંવાદને બદલે વિસંવાદને લીધે કકળાટનો ઉકળાટ વધતો જ જાય છે ને?

ઇન્ટરવલ:

અમે તો કવિ, કાળને નાથનારા, અમારા તો આઠે પ્રહર છે ખુશાલી,\ આ બળબળતું હૈયું, આ ઝગમગતા નૈનો, ગમે ત્યારે હોળી, ગમે ત્યાં દિવાળી. (શૂન્ય પાલનપુરી)

ત્યારે દિવાળીના દિવસે વ્યવસ્થિત ચોપડા-પૂજન થતું. હવે આપણે માર્ચ એન્ડિંગ અપનાવ્યું ને તેમાં પહેલાં જેવું ચોપડા-પૂજનનું મહત્ત્વ પણ ઝાંખું પડવા માંડ્યું છે. ઓનલાઇન ટ્રેડિંગના જમાનામાં, બજારોમાં ય હવે ફોર્માલિટી જ બચી છે. રુટિનનું રંગવિહીન જીવન જ અગાઉ જેવું રંગબેરંગી નથી રહ્યું, તો રેડીમેડ રંગોળીના ફિક્કા રંગમાંથી ઊછીનો ઉત્સાહ ક્યાંથી લાવવો? બજારુ પ્લાસ્ટિકની કે પૂંઠાની રંગોળીને દીવાની આસપાસ ગોઠવીને હવે કલાકારીનું કામ ચલાવી લેવાય છે.

પછી બેસતું વર્ષ. એવી માન્યતા છે કે નવા વરસે જે કંઈ કરો, એના જેવું આખું વર્ષ જાય. ત્યારે અમારા મુંબઈમાં ગરીબ કે લોઅર મિડલક્લાસનાં ઘરોમાં ભાઈ-બહેનો માટે એક જ તાકામાંથી બનાવેલાં યુનિફોર્મ જેવાં એક્સરખાં નિસ્તેજ કપડાં બનાવવામાં આવતાં... પણ એમાં ય કેવો સતરંગી સંતોષ હતો. એ નવાં કપડાં પહેરીને મંદિરે જવાનું, પછી મહોલ્લામાં અને પછી સગાંવહાલાંને ત્યાં. નૂતન વર્ષાભિનંદન અને સાલમુબારકનો વણમાગ્યો વરસાદ વરસતો. કોઈ મિત્રને 'બાલમુબારક' કહીને બાલિશ મસ્તી પણ કરી લેવાતી. કાંપતા હાથે બિચારા વડીલો, બાળકોને એક રૂપિયો આપીને આશીર્વાદ આપતા ને એમની આંખો, અકારણ ભીની થઈ જતી. આવાં ભોળપણથી જ હૈયું ભરાઈ જતું ને ઉત્સવનો ઉભરો આવી જતો.



ત્યારે દિવાળીનો નશો લાભપાંચમ સુધી રહેતો. હવે દિવાળી માત્ર કેલેન્ડરમાં છપાયેલા રજાના દિવસો બનીને કેવળ રહી ગયા છે. શહેરોમાં લોકો દિવાળી કરવા હિલ સ્ટેશન કે ફોરેન જતા રહે છે. એક જમાનામાં દિવાળીનાં ગ્રીટિંગ્સ કાર્ડ લખવામાં આવતાં. હવે એસએમએસ, વોટ્સએપ પર એના એ જ ફોર્વર્ડેડ મેસેજ મેકેનિકલી મોકલી દેવાય છે. એક સમયે ગુજરાતીમાં અનેક દિવાળી અંકો આવતાં અને લોકો ખરીદીને વાંચતા પણ ખરા. આજે વોટ્સએપનાં ચતુર વાક્યો મોકલી કે વાંચીને સહુ સગવડિયા થઈને સુખી છે. (એની સામે આજે ય મરાઠી ભાષામાં ૧૦૦-૧૫૦થી વધુ સ્પેશ્યલ દિવાળી અંકો નીકળે છે!)

આપણી આસપાસ જાલિમ જીવન જ બદલાઈ રહ્યું છે, તો દિવાળીનો નિર્દોષ આનંદ પણ બદલાઈ જ જાય ને? કદાચ અમુક વરસો પછી આજની દિવાળી પણ કદાચ રંગીન લાગી શકે! ત્યાં સુધી તો વિતેલી દિવાળીની રંગીનિયતને યાદ કરીને હરખાઈ લઈએ ઝાંખી યાદોની રંગોળીઓ અને સ્મૃતિશેષ સંવેદનાઓ પણ એક ઉત્સવ જ છે ને? તો ચાલો, 'હેપી દિવાળી'ને એડવાન્સમાં 'સાલમુબારક'.

એન્ડ-ટાઇટલ્સ:

આદમ: દિવાળીમાં સૌ દીવા કેમ પ્રગટાવે છે?
ઈવ: અત્યારે પેટાવું કે રિસર્ચ કરવા બેસું?

વિરાટ કોહલીનો જોખમ ઉઠાવવાનો અંદાજ અને પુલ શૉટ્સનું અદ્ભુત પ્રદર્શન

ઓકલેન્ડમાં રમાયેલી પ્રથમ વન ડેમાં બુધવારની રાત્રે જ્યારે ન્યુઝીલેન્ડના 186 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ઇનિંગ્સની 65 બોલની રમત બાદ ઝરમર વરસાદ શરૂ થયો, ત્યારે દરેકના મનમાં એક જ સવાલ હતોઃ 'સારી બેટિંગ એટલે શું? અને ખાસ કરીને મુશ્કેલ પિચ પર ઉત્કૃષ્ટ બેટિંગ કોને કહેવાય?' તે સમયે શુભમન ગિલ અને વિરાટ કોહલી બીજા વિકેટ માટે 53 રનની ભાગીદારી કરી ચૂક્યા હતા અને બંને પોતાની આગવી શૈલીમાં આ પ્રશ્નનો અલગ-અલગ પણ આકર્ષક જવાબ આપી રહ્યા હતા. ગિલે 32 બોલ રમીને 17 રન બનાવ્યા હતા અને તે બોલને પોતાની પાસે આવવા દઈને સંપૂર્ણ કંટ્રોલ સાથે બેટિંગ કરી રહ્યો હતો. બીજી તરફ, વિશ્વની સૌથી વધુ ઉછાળવાળી પિચોમાંની એક એવી આ ઓકલેન્ડ પિચ પર કોહલીએ 27 બોલમાં 29 રન બનાવતી વખતે 10 જોખમી શોટ્સ રમ્યા હતા. ગિલની શૈલીમાં સાવચેતી હતી, જ્યારે કોહલીના રમત કંટ્રોલના આંકડા અલગ વાર્તા કહેતા હતા અને રનબોર્ડ પર કોહલીનો દબદબો સ્પષ્ટ દેખાતો હતો.



ઓકલેન્ડ ખાતે ન્યુઝીલેન્ડ સામે પ્રથમ વન ડેમાં વિરાટ કોહલીએ પોતાના આક્રમક પુલ શોટ્સ અને વિસ્ફોટક બેટિંગથી ક્રિકેટપ્રેમીઓને મંત્રમુગ્ધ કર્યા અને તેની આ ઇનિંગ લાંબા સમય સુધી બધાને યાદ રહેશે

04 નવેમ્બર, ૨૦૨૬ઃ એક ઐતિહાસિક અને યાદગાર ઇનિંગ્સ

આ મેચ જોઈ રહેલા તમામ ચાહકોને ખાતરી થઈ ગઈ હતી કે તેઓ ક્રિકેટ ઇતિહાસની એક એવી ઇનિંગ્સના સાક્ષી બન્યા છે, જેના વિશે તેઓ આવનારા 30 વર્ષ સુધી વાત કરશે કે 'મેં ચોથી નવેમ્બર, 2026ના રોજ ઈડન પાર્ક ખાતે વિરાટ કોહલીને અદ્ભુત બેટિંગ કરતા જોયો હતો.' વરસાદ આવ્યાના થોડા સમય પહેલાં જ કોહલીએ એક અદ્ભુત શોટ ફટકાર્યો હતો. તેણે બ્લેયર ટિકનરના ગુડ-લેન્થ બોલ પર શોર્ટ એક્સ્ટ્રા-કવર અને મિડ-ઓફ વચ્ચેની સાંકડી જગ્યામાંથી કવર ડ્રાઇવ મારીને બાઉન્ડ્રી મેળવી હતી. આ પિચના અણધાર્યા ઉછાળને જોતાં આ શોટ રમવો અત્યંત મુશ્કેલ હતો.

ઈડન પાર્કની બાઉન્સી પિચ અને અણધાર્યા પડકારો

આ પિચ કેટલી જોખમી હતી તે અન્ય બેટ્સમેનોની નિષ્ફળતા પરથી સમજી શકાતું હતું. ન્યુઝીલેન્ડના ચાર બેટ્સમેનો પુલ શોટ મારવાના પ્રયાસમાં આઉટ થયા હતા. ગિલ જેવા ઉત્કૃષ્ટ પુલ શોટ રમનાર ખેલાડીનું બેટ પણ વધારાના ઉછાળને કારણે ફરી ગયું હતું. શ્રેયસ અય્યરે પણ પુલ શોટમાં અંકુશ ગુમાવતા એક ચોગ્ગો, એક છગ્ગો અને આખરે પોતાની વિકેટ ગુમાવી હતી. કોહલી પણ આખરે પુલ શોટ રમતા જ આઉટ થયો હતો, પરંતુ તેણે 51 બોલમાં 74 રનની તોફાની ઇનિંગ્સ રમીને અદ્ભુત સ્ટેન્ડિંગ ઓવેશન મેળવ્યું હતું. પોતાની ઇનિંગ્સ દરમિયાન તેણે 12 પ્રયાસોમાંથી પાંચ ચોગ્ગા અને એક છગ્ગો માત્ર પુલ શોટ્સ દ્વારા મેળવ્યા હતા.

કોહલીની પુલ શોટ્સ રમવાની પરંપરાગત શૈલીમાં બદલાવ

સામાન્ય રીતે શ્રેષ્ઠ પુલ શોટ રમનારા ખેલાડીઓમાં રોહિત શર્મા, રિકી પોન્ટિંગ, ગોર્ડન ગ્રીનિજ કે ઇન્ઝમામ-ઉલ-હક જેવા દિગ્ગજોના નામ લેવાય છે. કોહલીના પુલ શોટ્સ હંમેશાં શોટ્સ કરતાં વધુ સુરક્ષિત માનવામાં આવતા હતા. જ્યાં રોહિત શર્મા હવામાં મોટા છગ્ગા મારે છે, ત્યાં કોહલી સામાન્ય રીતે બોલના ઉછાળ પર નિયંત્રણ રાખીને કાંડાના ઉપયોગથી બોલને જમીન સરસો રાખવાનો પ્રયાસ કરે છે. પરંતુ બુધવારની રાત્રે કોહલીએ પોતાની ક્ષમતાનું નવું જ રૂપ દર્શાવ્યું જેમાં જેકબ ડફીના કમર સુધીના બોલને કાંડાના વળાંકથી બેકવર્ડ સ્ક્વેર લેગ તરફ વ્હીપ-પુલ કરીને ચોગ્ગો માર્યો. તે પછી કાઇલ જેમીસન સામે શરીરને ફેરવીને દીવાલો જેવી ચોકસાઈથી સ્વિવેલ પુલ વડે જમીન સરસો શોટ માર્યો. તો વળી ટિકનરના ખભાથી ઊંચા બોલ પર પૂરતી શક્તિથી સ્ક્વેર લેગની ઉપરથી બેકફૂટ પિવોટ વડે લાંબો છગ્ગો ફટકાર્યો. આ ઉપરાંત તેની સામે જ ફ્લેટ-બેટ થમ્પ વડે સીધા બેટે મિડ-ઓન તરફ બે સુંદર ચોગ્ગા માર્યા.

ટેસ્ટ નિવૃત્તિ પછી કોહલીનો નવો અવતાર

ગયા વર્ષે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી વિરાટ કોહલી વન-ડે ક્રિકેટમાં એક અલગ જ આક્રમક મૂડમાં જોવા મળી રહ્યો છે.

ટેસ્ટ નિવૃત્તિ પછીની 16 વન-ડે ઇનિંગ્સમાં તેનો સ્ટ્રાઇક રેટ 115.17 રહ્યો છે, જે તેની કેરિયરના સરેરાશ સ્ટ્રાઇક રેટ કરતાં 20 પોઇન્ટ વધુ છે. આ સમયગાળા દરમિયાન તેની બેટિંગ સરેરાશ 77.07 ની રહી છે. જ્યાં શુભમન ગિલ આગામી ટેસ્ટ સીરિઝને ધ્યાનમાં રાખીને સફેદ બોલની ખરાબ આદતોથી બચવા સાવચેતીથી રમી રહ્યો હતો, ત્યાં કોહલી કોઈપણ પ્રકારના દબાણ વગર મુક્તપણે રમી રહ્યો હતો.

નેટ પ્રેક્ટિસથી જ આક્રમક અભિગમના સંકેત

આ મેચના ત્રણ દિવસ પહેલાં ઈડન પાર્કના આઉટર ઓવલ પર નેટ પ્રેક્ટિસ દરમિયાન જ કોહલીનો આ આક્રમક અભિગમ સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. ગુરનૂર બ્રાર, અંશુલ કમ્બોજ અને આકિબ નબી જેવા ભારતીય ફાસ્ટ બોલરો સામે રમીતી વખતે કોહલી દરેક બોલને છગ્ગા માટે બાઉન્ડ્રી બહાર મોકલવાનો પ્રયાસ કરી રહ્યો હતો. બુધવારે પણ તેણે ભારતીય ટીમે તાજેતરના સમયમાં સામનો કરેલી સૌથી મુશ્કેલ પિચોમાંની એક પર આ જ અંદાજમાં બેટિંગ કરી. જેણે પણ આ ઇનિંગ્સ જોઈ છે, તે તેને ક્યારેય ભૂલી શકશે નહીં.